## કણાવ ગામમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના નંદુરબારની વતની અને હાલ કણાવની અષ્ટવિનાયક સોસાયટીના રૂમ નં.૨૦માં રહેતી સપનાબેન નિલેશભાઈ (ઉ.વ.૨૩)એ ગત તા.૧૮ સપ્ટેમ્બરે બપોરે પોતાના જ ઘરમાં પંખા સાથે ઓઢણી બાંધીને ફાંસો લગાવી દીધો હતો. આ બનાવ અંગે સુરતના ઉધના વિસ્તારમાં રહેતા રંજનાબેન ફકીરા ગોલપ દ્વારા પલસાણા પોલીસ મથકે વિધિવત જાણ કરવામાં આવી હતી. પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## સાંધીએર ગામના આધેડનું ઝેરી દવા પીતાં મોત

સાયણઃ સાયણ નજીક ઓલપાડ-સાયણ રોડ પર આવેલા સાંધીએર ગામની સીમમાં કુમકુમ બંગ્લોઝમાં રહેતા ૫૩ વર્ષીય સુરેશભાઈ દેવરાજભાઈ દેસાઈએ ગત ૪ સપ્ટેમ્બરે રાધારમણ વૃદ્ધાશ્રમ સામે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટના બાદ તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સુરતની સ્મિમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ૧૪ દિવસની લાંબી સારવાર બાદ ગત શુક્રવારે સાંજે તેમનું મોત નીપજ્યું હતું.

## કડોદ નજીક ગાય આડી ઊતરતા અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

બારડોલીઃ બારડોલીના નસુરા ગામના ૫૭ વર્ષીય મોહનભાઈ છોટુભાઈ હળપતિ ગત તા.૧૬ સપ્ટેમ્બરના રોજ કડોદ-વઢવાણીયા રોડ પરથી બાઈક પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન બાયોફ કૃષિ કેન્દ્ર નજીક અચાનક ગાય સામે આવી જતાં તેમણે બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો અને નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રથમ બારડોલી અને ત્યારબાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં ૧૯ સપ્ટેમ્બરે તેમનું મોત નીપજ્યું હતું. પિતાના અકાળ અવસાનના આઘાત વચ્ચે પણ તેમના પુત્ર આનંદભાઈ અને પરિવારે મોહનભાઈનાં અંગોનું દાન કરવાનો ઉમદા અને પ્રેરણાદાયક નિર્ણય લીધો હતો.

## પલસાણામાં વાહન ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશનની ટીમે વાહન ચોરીના બે ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. ગત તા.૧૯ સપ્ટેમ્બરના રોજ પોલીસે વણેસા ઓવરબ્રિજ નીચે દરોડો પાડીને પલસાણાના સમીર પઠાણ, બલેશ્વરના અમીનુલ શેખ અને બારડોલીના તૌફીક શેખ નામના શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે સુરતના ઉન પાટિયાના અહેમદ ઉર્ફે મુલ્લા નામના આરોપીને વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨૫,૦૦૦ની કિંમતનું મેસ્ટ્રો મોપેડ નં.(GJ-21-AR-5617), રૂ. 30,000ની સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલ નં.(GJ-19-AE-7977) અને રૂ.૨૭,૦૦૦ના 4 મોબાઇલ ફોન મળી રૂ.૮૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## ગામતળાવ ખુર્દમાં અકસ્માતમાં બાઇક ચાલક યુવકનું મોત

માંડવીઃ માંડવીના મોરીઠા ગામે રહેતા આશિષભાઈ અનિલભાઈ ચૌધરી (ઉં.વ.33) ખરેડા ગામે મીટર ચેક કરવા ગયા હતા. ત્યાંથી તેઓ પોતાની હોન્ડા શાઇન મોટરસાઇકલ નં.(GJ-19-BL-5703) પર ઉમરખડી ખાતે આવેલી ઓફિસ તરફ પરત ફરી રહ્યા હતા. દરમિયાન ગામતળાવ ખુર્દ સીમમાં સામેથી પૂરઝડપે આવી રહેલા મોપેડ નં.(GJ-19-AL-7603)ના ચાલકે આશિષભાઈની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં આશિષભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે મોપેડ ચાલક તેમજ તેની પાછળ બેઠેલી વ્યક્તિને પણ નાની-મોટી ઇજાઓ થઈ હતી. આ બનાવ અંગે માંડવી પોલીસે મોપેડ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મઢી સુગરમાં આજે સત્તાનો મહાસંગ્રામ ભાજપનાં જ બે જૂથો વચ્ચે ટક્કર થશે

**વર્તમાન** પ્રમુખ સમીર ભક્તની ‘સહકાર પેનલ’ અને ડિરેક્ટર જીતેન્દ્ર પટેલની ‘કિસાન પરિવર્તન પેનલ’ વચ્ચે જંગ

બારડોલીઃ સુરત જિલ્લાની પ્રતિષ્ઠિત મઢી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં આ વખતે ભાજપ વિરુદ્ધ ભાજપનો ખરાખરીનો જંગ જામ્યો છે, જેનું મતદાન આજે ૨૦ સપ્ટેમ્બરે રવિવારના રોજ યોજાવા જઈ રહ્યું છે. સુરત જિલ્લા ભાજપ સંગઠન દ્વારા બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તે નિષ્ફળ નીવડતાં હવે સહકારી ક્ષેત્રના ભાજપના જ બે માંધાતાઓ પેનલ બનાવીને ચૂંટણી મેદાનમાં સામસામે આવી ગયા છે. આ ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ સમીર ભક્તની આગેવાની હેઠળની ‘સહકાર પેનલ’ અને ડિરેક્ટર જીતેન્દ્ર પટેલની ‘કિસાન પરિવર્તન પેનલ’ વચ્ચે સીધી અને કાંટાની ટક્કર છે. વ્યવસ્થાપક મંડળની કુલ ૧૭ બેઠકમાંથી ૩ બેઠક અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જેથી હવે બાકીની બેઠકો માટે કુલ ૪૩ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. આ ઉમેદવારોનું રાજકીય ભાવિ નક્કી કરવા માટે કુલ ૧૮,૯૫૯ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કુલ ૨૬ જેટલાં મતદાન બૂથની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. સ્થાનિક રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ભારે ઉત્તેજના જગાવનારી આ ચૂંટણીમાં વર્તમાન સત્તાધીશો પોતાની સત્તા જાળવી રાખવામાં સફળ રહે છે કે પછી પરિવર્તનની લહેર આવે છે, તેનો અંતિમ ફેંસલો આગામી મંગળવારના રોજ યોજાનારી મતગણતરી દરમિયાન જ સ્પષ્ટ થશે. સમગ્ર દક્ષિણ ગુજરાતના સહકારી રાજકારણની નજર હાલ મઢી સુગર ફેક્ટરીનાં આ ચૂંટણી પરિણામો પર મંડાયેલી છે.

# ધામણોદ હાઈવે પર ખાનગી બસ ચાલકે કાર અને બાઈકને ટક્કર મારી

**બાઈક** ચાલકને સારવાર માટે ખસેડાયો

હથોડાઃ ધામણોદ નજીક નેશનલ હાઈવે પર એક ખાનગી બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. બેદરકારીપૂર્વક બસ ચલાવી રહેલા ચાલકે હાઈવે પરથી પસાર થતી વાહનોને અડફેટમાં લીધાં હતાં. આ બનાવમાં બાઈકચાલકને ઈજા થઈ હતી.

મળતી માહિતી મુજબ ધામણોદ ગામની હદમાં ખાનગી બસ નં.(GJ-05-BX-9861)ના ચાલક નિખિલભાઈ પરસોત્તમભાઈ પટેલે કાબૂ ગુમાવતાં બે કાર જેમાં એક હેરિયર કાર GJ-16-FB-6781ને જોરદાર ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ બેફામ બસ ચાલકે એક બાઈક નં.(GJ-16-LP-7287)ને પણ અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક નિલેશભાઈ છત્રસિંગભાઈ વસાવા (રહે.,રાજગઢ, તા.વાલિયા, જિ.ભરૂચ) રોડ પર પટાકાતાં તેમને ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્ત બાઈક ચાલકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટના અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## શિયાલજ નજીક એસટી બસ ટ્રક પાછળ અથડાઈ

હથોડાઃ અંકલેશ્વરથી સુરત થઈ વલસાડ જઈ રહેલી એસટી બસ નં.(GJ 18 Z 8526) કોસંબા નજીકના શિયાલજ ગામની હદમાં હાઈવે પરથી પસાર થઈ રહી હતી. આ સમયે બસના ચાલક રણજીતસિંહ મકવાણાએ ગંભીર બેદરકારી દાખવી આગળ ચાલતી ટ્રક નં.(MH 11 CH 7925) પાછળ બસ ધડાકાભેર અથડાવી દીધી હતી. અકસ્માતમાં એસટી બસને મોટું નુકસાન થયું હતું, પરંતુ સદનસીબે તમામ મુસાફરોનો બચાવ થયો હતો. બસને નુકસાન અંગે મહિલા કંડક્ટર પાયલબેન ઠાકોરે બસ ચાલક રણજીતસિંહ (રહે.,ભાવનગર) વિરુદ્ધ પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જોલવા પાટિયા નજીક કન્ટેનર અડફેટે કંપનીના કામદારનું મોત

**અકસ્માત** સર્જનાર કન્ટેનરની બોડી પર અંગ્રેજીમાં ‘વિનાયક રોડ કેરિયર’ લખેલું હતું

પલસાણાઃ બગુમરા ગામે આવેલા જોલવા પાટિયા નજીક અકસ્માત સર્જાયો છે. બારડોલીથી સુરત તરફ જતા રોડ પર પૂરપાટ ઝડપે આવતા એક કન્ટેનરે એક કંપનીના કામદારને અડફેટમાં લેતાં તેનું મોત નીપજ્યું છે.

મૂળ બિહારના વતની અને હાલ પલસાણાના વરેલી ખાતે રહેતા વિવેકાનંદસિંહ ક્રિષ્નમોહનસિંહ રાજપૂત રાઘવ ફેશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરે છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેમની સાથે નોકરી કરતા આશરે ૫૩ વર્ષીય સંતોષ મિશ્રા કંપનીની બહાર જોલવા પાટિયા નજીક ચા પીવા માટે ગયા હતા. દરમિયાન બારડોલી તરફથી સુરત તરફ જતા મુખ્ય માર્ગ પર ગફલતભરી રીતે હંકારી લાવેલા એક બંધ બોડીના ટ્રક કન્ટેનરે સંતોષ મિશ્રાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કન્ટેનરનું ડ્રાઈવર સાઈડનું આગળનું અને પાછળનું ટાયર તેમના પર ફરી વળ્યું હતું. આ અકસ્માતના કારણે સંતોષ મિશ્રા લોહીલુહાણ થઈ ગયા હતા. ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોએ ૧૦૮ સરકારી એમ્બ્યુલન્સ બોલાવી તેમને તાત્કાલિક કડોદરા સ્થિત પુનીત હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. લોકો દ્વારા જાણવા મળ્યું હતું કે, અકસ્માત સર્જનાર કન્ટેનરની બોડી પર અંગ્રેજીમાં ‘વિનાયક રોડ કેરિયર’ લખેલું હતું, પરંતુ તેનો રજિસ્ટ્રેશન નંબર જાણી શકાયો ન હતો. હાલમાં પલસાણા પોલીસે ફરાર અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ બી.એન.એસ.એસ. અને મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો દાખલ કરી કન્ટેનર ચાલકને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

# માંગરોળમાં જુગાર રમતા ૮ ઝડપાયા



વિનોદ મૈસુરીયા

**રોકડા,** 9 મોબાઇલ, 3 વાહન મળી રૂ.2.97 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

વાંકલઃ માંગરોળ પોલીસ પી.આઈ. પી.એમ.દેસાઈ અને તેમની ટીમે બાતમીના આધારે મોટામિયાં માંગરોળના જસાત ફળિયામાં મોહસીન રાવતના મકાનમાં રેડ પાડી હતી. બહારથી લોકોને બોલાવી નાલ ઉઘરાવી રમાડાતા જુગારધામ પરથી ૮ ઈસમ ઝડપાયા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મોહસીન ઈબ્રાહીમ રાવત, સાહેબખા દગડુ ઠોકે, અકરમ અબ્દુલ કાદર મકરાણી અને અલ્તાફ મહેબુબ બેલીફ (તમામ રહે.,મોટામિયાં માંગરોળ), વિકાસભાઈ કાંતુભાઈ વસાવા (રહે.,ગડકાછ), અજયભાઈ નાનુભાઈ વસાવા (રહે.,વકીલપરા) તથા મોહસીન સિરાજ સૈયદ અને રાકેશભાઈ નવીનભાઈ વણકર (બંને રહે.,મોસાલી)નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરના તથા અંગજડતીના રોકડા રૂ.૧,૭૨,૦૫૦, ૯ મોબાઈલ, ૩ વાહન, ગંજીપત્તા અને શેતરંજી મળી કુલ રૂ.૨,૯૭,૫૫૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી

| |
|---|
| Vibe : 10:00am, 07:00pm |
| Firki-Gujarati : 02:00pm |
| Chatni-Gujarati : 05:00pm |
| Resident Evil-2D 11:00am, 09:30pm |
| Mirzapur : The Movie 01:00pm, 09:00pm |
| Hanuman Ansh 12:00pm, 03:00pm, 06:00pm, 10:00pm |

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


જાહેર નોટીસ - મહે. કઠોરના એડિ. ચીફ જ્યુ.મેજી. સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નંબર : ૧૬૩૯ / ૨૦૨૬

અરજદાર: જીજ્ઞાશાબેન શાંતિલાલ પટેલની પુત્રી અને ધર્મેશકુમાર કાંતિલાલ પટેલ ની પત્ની, ઉ. આ. ૫૦, ધંધો : ઘરકામ, રહે. બૌધાન સુથાર ફળિયું, તા. અરેઠ, જી. સુરત

અરજદાર તરફે એડ.: વિરેન્દ્રસિંહ સી. બોડાણા

વિ.

સામાવાળા: જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રાર તલાટીકમ મંત્રી શેખપુર, તા. કામરેજ, જી. સુરત

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે અમો અરજદાર "જીજ્ઞાશાબેન" નો જન્મ તા : ૨૮/૧૦/૧૯૭૬ ના રોજ મોજે. શેખપુર તા.કામરેજ જી સુરત મુકામે થયેલો હતો. તેમ જણાવી તેમના જન્મ નો દાખલા મેળવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

સદરહું અરજીની સુનાવણી અત્રેની નામ.કોર્ટમાં તારીખ.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે રાખવામાં આવેલ છે જે કોઈ ઈસમને અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે સદર યોગ્ય રીતે માહિતગાર કરાવેલ વકીલ શ્રી મારફતે નામ.કોર્ટમાં હાજર રહેવાની નોંધ લેવી જો તેમ કરવામાં કસુર થશે તો કાયદો અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૧૮ મી માહે ૦૯ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી.(આસીસ્ટન્ટ) | કોર્ટનો સિક્કો | મુકાબલા કરનાર સહી.(આસીસ્ટન્ટ) | રજીસ્ટ્રાર સહી(સીવીલ કોર્ટ કઠોર)





• કિસાન પરિવર્તન પેનલ •

સંકલ્પ પત્ર

**બોર્ડ મિટિંગમાં પારદર્શકતા**

શેરડી ફેક્ટરીમાં પહોંચ્યાના નિર્ધારિત સમયગાળામાં પ્રથમ હમાની રકમ સીધી સભાસદ ખેડૂતના બેંક ખાતામાં જમા થાય તેવી સુનિશ્ચિત વ્યવસ્થા કરીશું. કાંટા-તોલ (વજન) સમયે જ ખેડૂતના મોબાઈલ નંબર પર તાત્કાલિક વજનની વિગતો તથા રસીદનો SMS/WhatsApp મેસેજ મળી રહે તેવી પારદર્શક વ્યવસ્થા કરીશું. બોર્ડ મિટિંગ જાહેર રીતે યોજવામાં આવશે, જેમાં સભાસદો પોતાના લેખિત સૂચનો રજૂ કરી શકશે તેમજ બોર્ડ મિટિંગમાં ઉપસ્થિત રહીને થતી કાર્યવાહીનું નિરીક્ષણ કરી શકશે.

**સમયસર શેરડીની કાપણી**

સભાસદોના ખેતરમાં પાણી બંધ કરવાની તારીખથી ૩૫ દિવસની અંદર શેરડીની કાપણી થાય તે માટે યોગ્ય આયોજન કરીશું. પાણી બંધ ની તારીખ થી 35 દિવસ માં શેરડી કાપણી પૂર્ણ કરવામાં આવશે..""કાપણી પૂર્ણ થયા ના બીજા દિવસે સભાસદ ને જરૂર પ્રમાણે એડવાન્સ પેમેન્ટ આપવામાં આવશે..

**શેર વેચાણ-ટ્રાન્સફરની પ્રક્રિયા**

કિસાન પરિવર્તન પેનલની બીજી બોર્ડ મિટિંગમાં શેર વેચાણ-ટ્રાન્સફરની પ્રક્રિયા હાથ ધરી, સંસ્થાના નીતિ-નિયમ મુજબ જરૂરી ઠરાવ કરી, નોમિનલ સભાસદો તેમજ સુગર ફેક્ટરીના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સભાસદ બનવા ઈચ્છુક ખેડૂતોને પણ નવા સભાસદ બનાવવામાં આવશે.

**કુદરતી મૃત્યુમાં પણ સહાય**

હાલમાં મઢી સુગર ફેક્ટરી દ્વારા આપવામાં આવતા વીમા કવચમાં કોઈ સભાસદનું અકસ્માતથી મૃત્યુ થાય તો જ વીમા કવચ હેઠળ તેમતા પરિવારને ₹૫ લાખની સહાય આપવામાં આવે છે.કિસાન પરિવર્તન પેનલની બહુમતીથી ચૂંટાઈ આવતાં, ઉપરોક્ત વીમા કવચમાં જરૂરી ફેરફાર કરી, કોઈ સભાસદનું કુદરતી મૃત્યુ થાય તો પણ તેમના પરિવારને ₹૫ લાખની સહાય વીમા કંપની તરફથી મળી રહે તે માટે સંસ્થા તરફથી જરૂરી વીમા કવચ લેવામાં આવશે અને તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

**ઝોન સમિતિના હિસાબમાં પારદર્શકતા**

ખેડૂત સંગઠન સમિતિ (ઝોન સમિતિ)ના તમામ હિસાબોમાં પારદર્શકતા લાવવામાં આવશે અને આવક-જાવકના હિસાબો નિયમિત રીતે સભાસદો સમક્ષ રજૂ કરવામાં આવશે.

**ખાંડના સ્ટોકમાંથી મળેલા ભાવ વધારાનો લાભ સભાસદોને**

૩૧ માર્ચે સંસ્થામાં જે ખાંડનો સ્ટોક હાજર હશે, તેના વેચાણમાં જો ભાવ વધારો મળે તો તે ભાવ વધારાનો લાભ પણ સભાસદોને ચોથા હમા તરીકે, સંસ્થાના નીતિ-નિયમ મુજબ આપવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી કરીશું.

**સંસ્થાની સાધન-સામગ્રીનો અંગત ઉપયોગ નહીં**

કિસાન પરિવર્તન પેનલના પ્રમુખ અને ઉપપ્રમુખ સંસ્થાની કોઈપણ સાધન-સામગ્રી કે વાહનનો અંગત આવન-જાવન માટે ઉપયોગ નહીં કરે.તેઓ પોતાના સાધનો અને વાહન દ્વારા આવન-જાવન કરશે તેવું અમે જાહેરમાં વચન આપીએ છીએ.

**સભાસદોના દીકરા-દીકરીઓને નોકરીમાં પ્રાથમિકતા**

સંસ્થામાં ઉપલબ્ધ નોકરીની તકોમાં સભાસદોના દીકરા-દીકરીઓને સંસ્થાના નીતિ-નિયમ, લાયકાત અને લાગુ પડતી પ્રક્રિયા મુજબ યોગ્ય પ્રાથમિકતા મળે તે માટે જરૂરી પ્રયત્નો અને વ્યવસ્થા કરવામાં આવશે.

**ખેડૂત હિત માટે પેટા કાયદામાં જરૂરી સુધારા**

ખેડૂતો અને સભાસદોના હિત માટે જો સંસ્થાના પેટા કાયદા (નિયમો)માં ફેરફાર કરવાની જરૂર પડશે, તો જરૂરી કાયદેસર પ્રક્રિયા પૂર્ણ કરીને તેમાં યોગ્ય સુધારા કરવામાં આવશે.



સુરેશભાઈ આર. ચૌધરી – મઢી ઝોન જુથ નં. ૧
નિલેશભાઈ એસ. પટેલ – વાલોડ ઝોન જુથ નં. ૩
અમિશભાઈ ડી. ચાવડા – વાંકાનેર ઝોન જુથ નં. ૪
અરવિંદભાઈ એસ. પટેલ – નિઝર ઝોન જુથ નં. ૫



મનિષભાઈ એસ. પટેલ – વરાડ ઝોન જુથ નં. ૬
ધીરૂભાઈ બી. ચૌધરી – વ્યારા-૧ ઝોન જુથ નં. ૯
શૈલેષભાઈ બી. પટેલ – માંગરોલ વાલીયા ઝોન જુથ નં. ૧૧
દિલીપસિંહ એસ. મહિડા – માંડવી-૧ ઝોન જુથ નં. ૧૨



સંદીપકુમાર આર. શર્મા – માંડવી-૨ ઝોન જુથ નં. ૧૩
દેવેન્દ્રભાઈ ચૌધરી (દેવુભાઈ) – અનુસુચિત જનજાતી અનામત જુથ નં. ૧ થી ૧૩
અમૃતાબેન પટેલ – મહિલા અનામત જુથ નં. ૧ થી ૭
પાર્વતીબેન સાંગઠીયા – મહિલા અનામત જુથ નં. ૮ થી ૧૩

કિસાન પરિવર્તન પેનલ સભાસદ હિત, ખેડૂત હિત અને સંસ્થાના વિકાસ માટે સંકલ્પબદ્ધ.

“અભિ નહીં તો કભિ નહીં”